


# સુરતમાં મોટાભાગના ભાજપ ઉમેદવાર કોલેજમાં ગયા નથી

## ગિલિટવાળા ચાર્ટડ એકાઉન્ટન્ટ છે : સુરતમાં ૧૨ ઉમેદવાર પૈકી ચાર જ ઉચ્ચ શિક્ષણ મેળવી ચૂક્યા છે : મોદી શાસનમાં યુનિવર્સિટી સંખ્યા ૪૨ થઈ

અમદાવાદ,તા. ૨૬

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારો મેદાનમાં ઉતરી ચૂક્યા છે ત્યારે રસપ્રદ બાબત એ ઊભરીને આવી છે કે સુરતમાં મોટાભાગના ભાજપના ઉમેદવારો ક્યારેય પણ કોલેજમાં ગયા નથી. ગુજરાતમાં યુનિવર્સિટીઓની સંખ્યા ૧૧થી વધીને ૪૨ થઈ ગઈ છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ગાળામાં આ યુનિવર્સિટીઓની સંખ્યા ૪૨ સુધી પહોંચી ગઈ છે.

૨૦૧૨ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે પ્રચારમાં પણ આ મુદ્દો ઉઠાવ્યો છે પરંતુ આની બિલકુલ વિરુદ્ધમાં સુરતમાં પક્ષના ઉમેદવારોની વાત કરવામાં આવે તો માત્ર સ્કૂલ સ્તર સુધી મોટાભાગના ઉમેદવારો પહોચ્યા છે. સુરતમાં ૧૨ ભાજપના ઉમેદવારો પૈકી માત્ર ચાર જ ઉમેદવાર ઉચ્ચ શિક્ષણ મેળવી ચૂક્યા છે જેમાં હર્ષ સંઘવી અને સંગીતા પાટિલનો સમાવેશ થાય છે. આ બંનેનું શિક્ષણ વધારે રહ્યું છે. સુરત ઉત્તર બેઠક પરથી ભાજપના ધારાસભ્ય નાનુ વાનાનીનો અભ્યાસ ઓછો છે.

તેઓ પાંચમાં ધોરણ સુધી જ ભણ્યા છે. તેઓ આ વખતે કતાર ગામ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. આવી જ રીતે ચોર્યાસી પરથી ભાજપની ટિકિટ ઉપર ચૂંટણી લડી રહેલા રાજા પટેલ ૧૦મા સુધી જ્યારે ઓલપાલ બેઠક પરથી પક્ષના ઉમેદવાર મુકેશ પટેલ ૧૨મા સુધી ભણ્યા છે. જ્યારે કારંજમાંથી ભાજપના ઉમેદવાર જનક પટેલ ૧૦મા સુધી ભણ્યા છે. તેઓ ડિપ્લોમાં એન્જિનીયરીંગ કોર્સ કરી ચૂક્યા છે પરંતુ અભ્યાસ ઓછો રહ્યો છે. વરાછાથી ચૂંટણી લડી રહેલા ભાજપના ઉમેદવાર કુમાર કાનાની નવમાં સુધી અને સુરત પશ્ચિમમાંથી ચૂંટણી લડી રહેલા કિશોર વાકાવાળા ૧૨માં પાસ છે.

સુરદ પૂર્વમાંથી વર્તમાન ધારાસભ્ય રણજીત ગિલિટવાળા ચાર્ટડ એકાઉન્ટન છે. ચોર્યાસી પરથી ભાજપના ધારાસભ્ય નરોત્તમ પટેલ એન્જિનીયરીંગમાં ડિગ્રી ધરાવે છે. પટેલ ઉધના બેઠક પરથી ઉમેદવાર છે. સુરત ઉત્તરમાંથી ભાજપના ઉમેદવાર અજય ચોકસી એમબીએની ડિગ્રી ધરાવે છે જ્યારે કામરેજમાંથી ચૂંટણી લડી રહેલા પ્રફુલ પાનોસેરિયા બીએસઈ ગ્રેજ્યુએટ છે.

### કોનું કેટલું શિક્ષણ

| નામ | બેઠક | શિક્ષણ |
|---|---|---|
| નાનુ વાનાની | કતારગામ | ધોરણ ૫ |
| રાજા પટેલ | ચોર્યાસી | ધોરણ ૧૦ |
| મુકેશ પટેલ | ઓલપાડ | ધોરણ ૧૨ |
| જનક પટેલ | કારંજ | ધોરણ ૧૦ |
| કુમાર કાનાની | વરાછા | ધોરણ ૯ |
| કિશોર વાકાવાળા | સુરત પશ્ચિમ | ધોરણ ૧૨ |
| રણજીત ગિલિટવાળા | સુરત પૂર્વ | ચાર્ટડએકાઉન્ટર |
| નરોત્તમ પટેલ | ઉધના | માસ્ટર ડિગ્રી એન્જી. |
| અજય ચોકસી | સુરત ઉત્તર | એમબીએ ડિગ્રી |
| પ્રફુલ પાનસેરીયા | કામરેજ | બીએસઈ ગ્રેજ્યુએટ |
| હર્ષ સંઘવી | - | ધોરણ ૯ |
| સંગીતા પાટિલ | - | ધોરણ ૯ |

# વિધાનસભા ચૂંટણી : ભાજપે બે દિનમાં ૮૩ સભા ગજવી

અમદાવાદ, તા. ૨૬

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારોના નામ જાહેર થયા બાદ કોંગ્રેસમાં સર્જાયેલા વિરોધના વંટોળથી કોંગ્રેસના નેતાઓને હજુ કળ વળી નથી ત્યાં ભારતીય જનતા પાર્ટીએ ખૂબ જ યોજનાબદ્ધ રીતે તથા ભારે આક્રમકતા સાથે તેનો હાઈટેક ચૂંટણી પ્રચાર શરૂ કરી દીધો છે. ગઈકાલે રવિવારે ભાજપ દ્વારા ૫૫ સ્થળોએ જાહેરસભાઓ યોજાયા બાદ આજે પણ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નીતિન ગડકરી સહિત અન્ય નેતાઓ દ્વારા ૨૫ સ્થળોએ જાહેરસભાઓને સંબોધવામાં આવી હતી. જ્યારે તા. ૨૯મીએ સાંજે ૬ વાગે રાજ્યના ૨૬ વિધાનસભા મતક્ષેત્રોમાં એક સાથે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની થ્રી-ડી ટેકનોલોજી આધારિત હોલોગ્રાફીક ઈમેજના માધ્યમથી જાહેરસભાઓ યોજાશે. ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી પ્રચાર પ્રસાર વિભાગના કન્વીનર ભરત પંડ્યાએ આજે જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રચારમાં અમે મુખ્યત્વે બે મુદ્દાઓ સાથે આગળ વધી રહ્યા છીએ જેમાં કેન્દ્રમાં કોંગ્રેસનો ભ્રષ્ટાચાર, કાળઝાળ મોંઘવારી કેન્દ્ર દ્વારા ગુજરાતને થતા અન્યાય તથા ગુજરાતનો વિકાસ અને નરેન્દ્ર મોદીનું સબળ નેતૃત્વનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજ્યના સાત નવા જિલ્લા તથા ૨૦ નવા તાલુકાઓનું સર્જન કર્યા બાદ ઠેર-ઠેર યોજાઈ રહેલા નરેન્દ્ર મોદીના સત્કાર સમારંભમાં દર્શાવે છે કે ચૂંટણીમાં ભાજપ તરફેણમાં જ પવન ફૂંકાઈ રહ્યો છે.

ભારતીય જનતા પાર્ટીના મધ્યસ્થ કાર્યાલય અને આજે ભાજપની પ્રચાર-પ્રસાર સામગ્રીનું પણ નિદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભરત પંડ્યાએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપના પ્રથમ તબક્કાની ચૂંટણી પ્રચારમાં હવે ભારે ગરમાવો આવી રહ્યો છે. કેન્દ્રીય તથા પ્રદેશ નેતાઓની સંખ્યાબંધ જાહેરસભાઓ ઉપરાંત મુખ્યમંત્રીની થ્રીડી ટેકનોલોજી આધારિત હોલોગ્રાફી ઈમેજવાળી જાહેરસભાઓનો ચાર મહાનગર પાલિકાઓમાં પ્રથમ તબક્કો પુરો થયા બાદ હવે તા. ૨૯મીએ એક સાથે ૨૬ સ્થળોએ આવી જાહેરસભાઓ યોજાશે. આ ઉપરાંત ભાજપ દ્વારા તૈયાર કરાયેલા ત્રણ જુદા જુદા પ્રકારના ચૂંટણી પ્રચાર રથમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની હોલોગ્રાફીક ઈમેજવાળા થ્રી ડી વર્ચ્યુઅલ રથે ભારે જમાવટ કરી છે. જનતા આ રથની નજીક જઈને પણ નરેન્દ્ર મોદીના હોલોગ્રાફીક ઈમેજને નિહાળી શકે છે. તેમણે અંતે એમ પણ જણાવ્યું હતું કે, ભાજપની 'થપ્પડ'વાળી જાહેરાત પણ ચૂંટણી પંચે બ્રેક લગાવી હોવાથી હવે 'ગુજરાતને ચૂનો' જાહેરાત પણ ખૂબ જમાવટ કરશે.



વસ્ત્રાલ ગામ પાસે કોંગ્રેસના વસ્ત્રાલ વિધાનસભાના ઉમેદવારનો વિરોધ કરવામાં આવ્યો હતો.

# મતદાન પહેલાં અને પછી ચૂંટણી પંચનો સર્વે બીજા રાજ્યોમાં પણ કામ આવશે

ગાંધીનગર,તા. ૨૬

ગુજરાતની ચૂંટણીમાં વધારે મતદાન થાય અને તેની પેટર્ન પ્રમાણે દેશભરમાં વોટીંગ માટે જાગૃતિ આવે તે હેતુથી ભારતના ચૂંટણી પંચે રાજ્યમાં વોટર્સ ટર્ન આઉટનો એક સર્વે કરાવ્યો છે અને બીજો સર્વે મતદાન પછી કરવામાં આવનાર છે, જેના તારણોના આધારે મતદાન માટેની જનજાગૃતિનો નેશનલ લેવલનો એકશન પ્લાન બની શકશે.

ગુજરાતમાં હંમેશા એ જોવામાં આવ્યું છે કે મતદાનની ટકાવારી ઘણી ઓછી રહી છે. છેલ્લી ૧૨ ચૂંટણીમાં મતદાનની ટકાવારી ક્યારેય ૭૦ ટકા સુધી પહોંચી શકી નથી. ૨૦૦૭માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ૫૯.૭૭ ટકા મતદાન થયું હતું, તો ૧૯૬૨ની પહેલી વિધાનસભાની ચૂંટણીમાં મતદાન ૫૭.૯૭ ટકા રહ્યું છે. ગુજરાતમાં સૌથી વધુ ૬૪.૩૯ ટકા મતદાન ૧૯૯૫ની ચૂંટણીમાં થયું હતું અને તે ચૂંટણીમાં સૌથી વધુ ૨૫૪૫ ઉમેદવારો મેદાનમાં હતા.

ચૂંટણી પંચ દ્વારા વોટર્સ ટર્નઆઉટના થયેલા સર્વેના તારણોમાં ત્રણ બાબતો સામે આવી છે જેમાં મતદારોને આકર્ષવા માટે પ્રિન્ટ મિડીયા, ઈલેક્ટ્રોનિક મિડીયા અને હોર્ડિંગ્સનો અતિ મહત્વનો ફાળો રહ્યો છે. સર્વેના તારણ પરથી ચૂંટણી પંચ હાલ મતદાન વધારવા માટે એજ્યુકેશન, મોટીવેશન અને આસીસ્ટન્સ એટલે કે મતદાન માટેની સહાયતાનો સહારો લઈ રહ્યું છે. ગુજરાતમાં પ્રત્યેક બેઠક માટે મતદાન સહાયતા કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા છે.

તાજેતરમાં કરાવેલા આ સર્વે પછી ચૂંટણી પંચે મતદાન કેમ જરૂરી છે અને પ્રત્યેક વ્યક્તિએ મતદાન કરવું જોઈએ એ થીમ ઉપર એક જીંગલ સ્પર્ધા રાખી હતી જેમાં ભૂજનો યુવાન પ્રથમ આવ્યો છે. ચૂંટણી પંચે મતદાન વધારવા માટે યુવાનો અને મહિલાઓ તેમજ ગામડા અને શહેરોને નિશાન બનાવ્યા છે.

**મતદાન કેમ કર્યું અને મત કેમ ન આપ્યો તે બન્ને સવાલો સાથે મતદાન પછી સર્વે કરાશે અને તેના પોઝીટીવ સૂચનો ભારતના બીજા રાજ્યોમાં અમલી બનાવાશે**

ભારતના ચૂંટણી પંચે મતદાન વધારવાની સાથે મતદાન પછી મતદારોનો સર્વે કરીને એક બીજો રિપોર્ટ તૈયાર કરવાનો નિર્ણય કર્યો છે, જેમાં જેણે મત આપ્યો છે તેને મત આપવાનું કારણ પૂછાશે, અને જેમણે મત નથી આપ્યો તેનું પણ કારણ પૂછવામાં આવશે.

મતદારે શા માટે વોટ આપ્યો અને મતદારે શા માટે વોટ કર્યો નથી તેવા સવાલો સાથેનો આ સર્વે ભારતના બીજા રાજ્યોમાં અનુકરણીય બની રહેશે. આ સર્વેના પોઝીટીવ તારણોનો બીજા રાજ્યોમાં આવી રહેલી ચૂંટણીમાં ઉપયોગ કરવામાં આવશે. આ સર્વેમાં એટીટ્યુડ, બિહેવીયર અને બીલીવને ધ્યાને રાખવામાં આવશે.

# ત્રિકોણીય ચૂંટણી જંગ ખેલાશે

અમદાવાદ, તા. ૨૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને તખ્તો તૈયાર થઈ ગયો છે. આ વખતે ગુજરાતમાં ભાજપ, કોંગ્રેસ અને ગુજરાત પરિવર્તન પાર્ટી વચ્ચે મુખ્ય સ્પર્ધા થનાર છે. ઉમેદવારોની યાદી જાહેર થઈ ગયા બાદ જે ચિત્ર ઉપસીને સામે આવી રહ્યું છે તે દર્શાવે છે કે ત્રિકોણીય જંગ બેઠકો ઉપર ખેલાશે. ત્રિકોણીય જંગની બેઠકો ઉપરનો તખ્તો નીચે મુજબ છે.

| બેઠક | ભારતીય જનતા પાર્ટી | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ગુજરાત પરિવર્તન પાર્ટી |
|---|---|---|---|
| ૩૯ વિરમગામ | પ્રાગજીભાઈ નારણભાઈ પટેલ ★ | ડૉ.તેજશ્રીબેન પટેલ | - |
| ૪૦ સાણંદ | કમાભાઈ રાઠોડ ★ | કમસી મકવાણા | રાજુભાઈ દશરથભાઈ પટેલ |
| ૫૮ ધોળકા | ભૂપેન્દ્રસિંહ મનુભાઈ ચુડાસમા | પ્રદ્યુમ્નસિંહ ચાવડા | રાજેશ જશભાઈ પટેલ |
| ૫૯ ધંધુકા | લાલજીભાઈ મેર ★ | મહેન્દ્રભાઈ એમ. શાહ | ભરત નાનાભાઈ દેસાઈ |
| ૬૦ દસાડા(SC) | પૂનમભાઈ કાલાભાઈ મકવાણા | મહેન્દ્રભાઈ મકવાણા | સુરેશભાઈ ગોહિલ |
| ૬૧ લીંબડી | કિરીટસિંહ જીતુભા રાણા ★ | સોમાભાઈ જી. પટેલ★★ | માલાભાઈ શામળાભાઈ રબારી |
| ૬૨ વઢવાણ | વર્ષાબેન નરેન્દ્રભાઈ દોશી ★ | હિંમાશુ વ્યાસ | ઈશ્વર નથુભાઈ પટેલ |
| ૬૩ ચોટીલા | શામજીભાઈ ચૌહાણ | દેવજીભાઈ ફતેપરા★ | હક્કાભાઈ નાઠીયા |
| ૬૪ ધ્રાંગધ્રા | જયંતીભાઈ રામજીભાઈ કવાડિયા | જયેશભાઈ એચ. પટેલ | ધીરુભાઈ દલવાડી |
| ૬૫ મોરબી | કાંતિભાઈ શિવલાલ અમૃતિયા ★ | બ્રિજેશ મેરજા | મનોજ પનારા |
| ૬૬ ટંકારા | મોહનભાઈ કલ્યાણજી કુંડારિયા ★ | મગનભાઈ વળાવિયા | ધીરુભાઈ ભીમાણી |
| ૬૭ વાંકાનેર | જીતુભાઈ સોમાણી | જાવેદ પીરઝાદા ★ | પરસોતમભાઈ બાવડવા |
| ૬૮ રાજકોટ પૂર્વ | કશ્યપભાઈ ચીમનભાઈ શુકલ | ઈંદ્રનીલ રાજગુરુ | પ્રવિણભાઈ આંબલિયા |
| ૬૯ રાજકોટ પશ્ચિમ | વજુભાઈ રૂડાભાઈ વાળા ★ | અતુલભાઈ રાજાણી | જયદીપભાઈ માકડીયા |
| ૭૦ રાજકોટ દક્ષિણ | ગોવિંદભાઈ ઉકાભાઈ પટેલ ★ | મિતુલભાઈ ડોંગા | રશ્મીભાઈ કાંચા |
| ૭૧ રાજકોટ ગ્રામ્ય.(SC) | ભાનુબેન મનહરભાઈ બાબરિયા ★ | લાખાભાઈ સાગઠીયા | ગિરીશભાઈ પરમાર |
| ૭૨ જસદણ | ભરતભાઈ બોઘરા ★ | ભોળાભાઈ ગોહિલ | દેવશીભાઈ ટાઢાણી |
| ૭૩ ગોંડલ | જયરાજસિંહ જાડેજા | ચંદુ વઘાસિયા(NCP)★ | ગોરધન ઝડફિયા |
| ૭૪ જેતપુર | જસુમતીબેન સવજીભાઈ કોરાટ ★ | જયેશ રાદડિયા ★ | રમેશભાઈ બાલઘા |
| ૭૫ ધોરાજી | હરિભાઈ પટેલ | વિઠ્ઠલભાઈ રાદડિયા★★ | જગદીશ અધડુક |
| ૭૬ કાલાવાડ(SC) | મેઘજીભાઈ અમરાભાઈ ચાવડા | ડૉ. દિનેશ પરમાર | ગિરધર વાઘેલા |
| ૭૭ જામનગર ગ્રામીણ | આર.સી.ફલદુ ★ | રાઘવજી પટેલ | પ્રાણજીવન કુંડારીયા |
| ૭૮ જામનગર ઉત્તર | મૂળુભાઈ હરદાસ બેરા ★ | ધર્મેન્દ્રસિંહ જાડેજા | કરશનભાઈ કરમુળ |
| ૭૯ જામનગર દક્ષિણ | વસુબેન નરેન્દ્રભાઈ ત્રિવેદી ★ | જીતેન્દ્ર હરિદાસ લાલ | તુલસીભાઈ સંભાયા |
| ૮૦ જામજોધપુર | ચીમનભાઈ ધરમશી સાપરિયા | હરદાસભાઈ ખવા | પ્રવીણભાઈ તાળા |
| ૮૧ ખંભાલિયા | પૂનમબેન માડમ | આભાભાઈ કરમુડ | લાલજી દેવજી નકુમ |
| ૮૨ દ્વારકા | પબુભા વિરમભાઈ માણેક ★ | મૂળુ કંડોડિયા | જયંતિભાઈ વસરામભાઈ |
| ૮૩ પોરબંદર | બાબુભાઈ ભીમાભાઈ બોખીરીયા | અર્જુન મોઢવાડિયા★ | જયેશભાઈ ભટ્ટ |
| ૮૪ કુતિયાણા | કરસનભાઈ દુલાભાઈ ઓડેદરા | કાંધલ જાડેજા (NCP) | હરીભાઈ કરમતા (રબારી) |
| ૮૫ માણાવદર | રતિભાઈ ગોરધનભાઈ સુરેજા | જવાહર ચાવડા★ | ડૉ. દિનેશ કાચટ |
| ૮૬ જૂનાગઢ | મહેન્દ્રકુમાર લીલાધર મશરુ ★ | ભીખુભાઈ જોષી | લલિતભાઈ સુહાગીયા |
| ૮૭ વીસાવદર | કનુભાઈ ભાલાલા ★ | ------ | કેશુભાઈ પટેલ |
| ૮૮ કેશોદ | અરવિંદ લાગાણી | મગનભાઈ કોટડિયા | મેરામણભાઈ અરશીભાઈ |
| ૮૯ માંગરોલ | રાજેશભાઈ નારણભાઈ ચુડાસમા | ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા | હસમુખભાઈ ગોવિંદભાઈ |
| ૯૦ સોમનાથ | રાજશીભાઈ વિરાભાઈ જોટવા ★ | જશાભાઈ બારડ | બાલુભાઈ વાજા |
| ૯૧ તાલાલા | ગોવિંદભાઈ વરજાંગભાઈ પરમાર | ભગવાનભાઈ બારડ★ | નથુભાઈ કાનાભાઈ કામળીયા |
| ૯૨ કોડિનાર (SC) | જે.ડી.સોલંકી | મોહનભાઈ વાળા | રાવજીભાઈ પરમાર |
| ૯૩ ઉના | કે.સી.રાઠોડ | પુંજાભાઈ વંશ | પરસોત્તમભાઈ ઠુંમર |
| ૯૪ ધારી | મનસુખભાઈ પાંચાભાઈ ભુવા ★ | કોકિલાબેન કાકડિયા | નલીનભાઈ કોટડિયા |
| ૯૫ અમરેલી | દિલીપભાઈ નાનુભાઈ સંઘાણી ★ | પરેશભાઈ ધાનાણી | પ્રાગજીભાઈ હિરપરા |
| ૯૬ લાઠી | વાલજીભાઈ ખોખરીયા | બાવકુ ઉંઘાડ★ | હરજીભાઈ નારોલા |
| ૯૭ સાવરકુંડલા | વલ્લભભાઈ વી. વઘાસીયા | પ્રતાપ દુધાત | મહેશભાઈ સુદાણી |
| ૯૮ રાજુલા | હીરાભાઈ ઓધવજીભાઈ સોલંકી ★ | બાબુભાઈ રામભાઈ રામ | રાવજીભાઈ પરમાર |
| ૯૯ મહુવા | ભાવનાબેન રાઘવભાઈ મકવાણા | રાજભાઈ જે. મહેતા | હરેશ મહેતા |
| ૧૦૦ તળાજા | ડૉ.ભારતીબેન ધીરુભાઈ શિયાલ | સંજયસિંહ સરવૈયા | હેમરાજભાઈ બારિયા |
| ૧૦૧ ગારિયાધાર | કેશુભાઈ નાકરાણી | બાબુભાઈ માંગુકીયા | લાલુભાઈ કાત્રોડિયા |
| ૧૦૨ પાલિતાણા | મહેન્દ્રસિંહ પરક્રમસિંહ સરવૈયા ★ | પ્રવિણભાઈ રાઠોડ | રસિકભાઈ ભીંગરાડિયા |
| ૧૦૩ ભાવનગર ગ્રામીણ | પરષોતમભાઈ ઓધવજી સોલંકી ★ | શક્તિસિંહ ગોહિલ★ | કેશુભાઈ ભગત |
| ૧૦૪ ભાવનગર પૂર્વ | વિભાવરીબેન વિજયભાઈ દવે★ | રાજેશ એમ. જોષી | ગિરધરભાઈ મકવાણા |
| ૧૦૫ ભાવનગર પશ્ચિમ | જીતુભાઈ વાઘાણી | ડૉ. એમ.આર.કાનાણી | મહાવીરસિંહ હરિસિંહ |
| ૧૦૭ બોટાદ | ડૉ.ટી.ડી.માણિયા | કુંવરજી બાવળીયા★★ | વિનુભાઈ દલવારી |
| ૧૦૬ ગઢડા (SC) | આત્મારામ મકનભાઈ પરમાર ★ | પ્રવિણ મારુ | વિક્રમભાઈ ચૌહાણ |
| ૧૪૮ નાંદોદ (ST) | શબ્દશરણ ભાઈલાલભાઈ તડવી | હરેશ જે. વસાવા | શાંતિલાલ તડવી |
| ૧૪૯ ડેડિયાપાડા(ST) | મોતીભાઈ પુનિયાભાઈ વસાવા | અમરસિંહ વસાવા★ | શાંતિભાઈ વસાવા |
| ૧૫૦ જંબુસર | છત્રસિંહ પુજાભાઈ મોરી | કિરણકુમાર મકવાણા★ | કમલેશભાઈ પટેલ |
| ૧૫૧ વાગરા | અરુણસિંહ એ. રાણા | ઈકબાલ પટેલ★ | જસવંતભાઈ ગોહિલ |
| ૧૫૨ ઝઘડિયા(ST) | નરેન્દ્રભાઈ જી. વસાવા | બાબુભાઈ સી વસાવા | વસાવા રાકેશકુમાર |
| ૧૫૩ ભરૂચ | દુષ્યંતભાઈ રજનીકાંત પટેલ ★ | સંદિપ માંગરોળા | ગિજુભાઈ અમરતભાઈ |
| ૧૫૪ અંકલેશ્વર | ઈશ્વરભાઈ ઠાકોરભાઈ પટેલ ★ | મગનભાઈ બી. પટેલ | રજનીકાંત ભુવા |
| ૧૫૫ ઓલપાડ | મુકેશભાઈ પટેલ | જયેશ એસ. પટેલ | શાંતિભાઈ બેચરભાઈ પટેલ |
| ૧૫૬ માંગરોલ(ST) | ગણપતભાઈ વસ્તાભાઈ વસાવા ★ | તેજસ અમરસિંહ ચૌધરી | રમેશભાઈ કાઠોડીયા |
| ૧૫૭ માંડવી(ST) | હેમલતાબેન મહેશભાઈ વસાવા | પ્રભુભાઈ એન. વસાવા | મનહરભાઈ ચૌધરી |
| ૧૫૮ કામરેજ | પ્રફુલ્લભાઈ પાનસેરીયા | ભગીરથ પીઠવડીવાળા | દલસુખ ચોવટિયા |
| ૧૫૯ સૂરત પૂર્વ | રણજીત મંગુભાઈ ગિલીટવાલા ★ | કદીર પીરઝાદા | દિપક કાશીરામ રાણા |
| ૧૬૦ સૂરત ઉત્તર | અજયભાઈ જસંવતલાલ ચોકસી | દિનેશ કુચ્છબુડીન | હેમંતભાઈ ગાયવારા |
| ૧૬૧ વરાછા રોડ | કુમારભાઈ કાનાણી | ધીરુભાઈ ગજેરા | હીરાભાઈ ગાંગાણી |
| ૧૬૨ કારંજ | જનકભાઈ મનજીભાઈ પટેલ | જયસુખ જાલાવાડિયા | ડાહ્યાભાઈ ડાભરિયા |
| ૧૬૩ લિંબાયત | સંગીતાબેન રાજેન્દ્રભાઈ પાટીલ | રાજદીપ ઝમીરખાન **(NCP)** | દેવરાજ નીમજે |
| ૧૬૪ ઉધના | નરોત્તમભાઈ ત્રિકમભાઈ પટેલ ★ | ધનસુખ રાજપુત | જયસુખભાઈ કથરિયા |
| ૧૬૫ મજુરા | હર્ષ રમેશભાઈ સંઘવી | ધનપતભાઈ જૈન | ધર્મેશભાઈ બાટલાવાલા |
| ૧૬૬ કતારગામ | નાનુભાઈ ભગવાનભાઈ વાનાણી ★ | નંદલાલ કે. પાંડવ | ઘનશ્યામભાઈ ઈટાળિયા |
| ૧૬૭ સૂરત પશ્ચિમ | કિશોરચંદ્ર રતિલાલ વાંકાવાલા ★ | ઉષાબેન પટેલ | જયેશભાઈ પટેલ |
| ૧૬૮ ચોર્યાસી | રાજુભાઈ પરભુભાઈ પટેલ | સતીષ ચંપકભાઈ પટેલ | રાજેશ ભાણાભાઈ પટેલ |
| ૧૬૯ બારડોલી (SC) | ઈશ્વરભાઈ રમણભાઈ પરમાર | નીતિન જી. રાણા | ચંપાબેન ઓનાવાલા |
| ૧૭૦ મહુવા (SC) | મોહનભાઈ ધનજીભાઈ ઢોલીયા | ઈશ્વરભાઈ એન.વહીયા | રજનીકાંત રજવાડી |
| ૧૭૧ વ્યારા (ST) | પ્રતાપભાઈ બાબુભાઈ ગામીત | પૂનાભાઈ ગામીત ★ | ખાનસિંહ ચૌધરી |
| ૧૭૨ નીઝર (ST) | કાંતિભાઈ ગામીત | પરેશ વસાવા | વસંતભાઈ ગામીત |
| ૧૭૩ ડાંગ (ST) | વિજયભાઈ રમેશભાઈ પટેલ ★ | મંગળભાઈ ગાવીત | યોગેશભાઈ ભોયે |
| ૧૭૪ જલાલપોર | આર.સી.પટેલ ★ | રણજીત પંચાલ | ચંદ્રકાત રાણા |
| ૧૭૫ નવસારી | પિયુષભાઈ દિનકરભાઈ દેસાઈ | એડી પટેલ | ઠાકોરભાઈ દેસાઈ |
| ૧૭૬ ગણદેવી(ST) | મંગુભાઈ છગનભાઈ પટેલ★ | કુંવરજી હળપતિ ★ | નરેશભાઈ ભીખુભાઈ પટેલ |
| ૧૭૭ વાંસદા (ST) | નરેશભાઈ મગનભાઈ પટેલ ★ | છનાભાઈ ચૌધરી | ડૉ. રવિન્દ્રભાઈ ગરાશીયા |
| ૧૭૮ ધરમપુર(ST) | સુમિત્રાબેન બી.ચૌધરી | કિશોરભાઈ પટેલ | મહેશભાઈ પટેલ |
| ૧૭૯ વલસાડ | ભરતભાઈ કે. પટેલ | ધર્મેશ પટેલ | નિમેશભાઈ પટેલ |
| ૧૮૦ પારડી | કનુભાઈ દેસાઈ | હેમંત દેસાઈ | કલ્પેશભાઈ આર. પટેલ |
| ૧૮૧ કપરાડા(ST) | પ્રકાશભાઈ શંકરભાઈ પટેલ | જીતુભાઈ ચૌધરી | મેઘરાજભાઈ ગટકા |
| ૧૮૨ ઉમરગામ(ST) | રમણભાઈ નાનુભાઈ પાટકર ★ | ગોવિંદભાઈ બારોટ | દશરથભાઈ પટેલ |

ખાસ નોંધ : ★ વર્તમાન ધારાસભ્ય છે ★★ વર્તમાન સાંસદ છે